ક્રાઉન પ્રોસિક્યુટરો (સરકારી વકીલો) માટેનો કોડ (આચાર સંહિતા)

પરિચય

1.1 ક્રાઉન પ્રોસિક્યુટરો માટેનો કોડ (the Code) (આચાર સંહિતા) ડાઈરેક્ટર ઓફ પબ્લિક પ્રોસિક્યુશન્સ (ડી.પી.પી.) (Director of Public Prosecutions (DPP)) દ્વારા પ્રોસિક્યુશન ઓફ ઓફેન્સીસ એક્ટ (Prosecution of Offences Act) 1985 ની કલમ 10 હેઠળ બહાર પાડવામાં આવે છે. કોડની આ સાતમી આવૃત્તિ છે અને તે અગાઉની તમામ આવૃત્તિઓને બદલે અમલમાં આવે છે.

1.2 ડી.પી.પી. એ ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ (સી.પી.એસ.)ના વડા છે, જે ઈંગ્લેન્ડ અને વેલ્સ માટે પબ્લિક પ્રોસિક્યુશનની (જાહેર જનતા વતી અદાલતમાં ફરિયાદ માંડનાર) મુખ્ય સેવા છે. ડી.પી.પી. એટોર્ની જનરલની દેખરેખ હેઠળ સ્વતંત્રપણે કામ કરે છે, જેઓ સી.પી.એસ.ના કામ માટે સંસદ પ્રતિ જવાબદાર છે.

1.3 પ્રોસિક્યુશનો (કોઈ ફરિયાદ અદાલતમાં માંડવા)ના નિર્ણયો લેતી વખતે લાગુ પાડવાના સામાન્ય સિદ્ધાંતો ઉપર આ કોડ પ્રોસિક્યુટરોને માર્ગદર્શન આપે છે. આ કોડ મુખ્યત્વે સી.પી.એસ.માં કામ કરતાં પ્રોસિક્યુટરો માટે જારી કરવામાં આવે છે, પરંતુ અન્ય પ્રોસિક્યુટરો પ્રસ્થાપિત પ્રણાલિકા મારફતે અથવા તો કાયદેસર તેમણે તેમ કરવું જરૂરી હોવાને કારણે આ કોડનું પાલન કરે છે.

1.4 આ કોડમાં શબ્દ ''શકમંદ'' (સસ્પેક્ટ)નો ઉપયોગ કરવામાં આવ્યો છે,જે એ વ્યક્તિનું વર્ણન કરે છે જેના પર હજુ સુધી ઔપચારિક ફોજદારી કાર્યવાહી કરવામાં ન આવી હોય; શબ્દ ''પ્રતિવાદી'' (ડીફેન્ડન્ટ)નો ઉપયોગ એ વ્યક્તિ માટે કરવામાં આવ્યો છે જેમના પર ચાર્જ મૂકવામાં કે જેમને સમન્સ (હાજર રહેવાનો હુકમ) આપવામાં આવેલ છે; અને શબ્દ ''ગુનેગાર'' (ઓફેન્ડર) એવી વ્યક્તિનું વર્ણન કરે છે જેમણે પોતે ગુનો કર્યો હોવાનું પોલીસ સમક્ષ અથવા તો તપાસ કરનાર બીજી કોઈ વ્યક્તિ કે પ્રોસિક્યુટર સમક્ષ કબૂલ કર્યું હોય, અથવા જેમને કાનૂની અદાલતમાં ગુનેગાર હોવા તરીકે પુરવાર કરવામાં આવી હોય.

સામાન્ય સિદ્ધાંતો

2.1 પ્રોસિક્યુટ કરવાનો અથવા તો કોર્ટની બહાર કેસનો નિકાલ લાવવાનો નિર્ણય એક એવું ગંભીર પગલું છે જેની અસર શકમંદ વ્યક્તિઓ, ગુનાનો ભોગ બનેલાંઓ, સાક્ષીઓ તેમજ એકંદરે જાહેર જનતા પર પડે છે અને તે નિર્ણય અત્યંત સાવધાનીપૂર્વક હાથ ધરવામાં આવવો જરૂરી છે.

2.2 સાચા ગુના માટે સાચી વ્યક્તિ પર અદાલતી કાર્યવાહી કરવામાં આવે અને જ્યારે પણ શક્ય હોય ત્યારે ગુનેગારોને ન્યાય માટે લાવવામાં આવે તેની ખાતરી કરવાની ફરજ પ્રોસિક્યુટરોની છે. કેસવર્કના નિર્ણયો ન્યાયપૂર્વક, નિષ્પક્ષતાથી અને પ્રમાણિકતાથી લેવામાં આવે છે, જેથી ગુનાનો ભોગ બનેલાંઓ, સાક્ષીઓ, પ્રતિવાદીઓ તેમજ જાહેર જનતા માટે યોગ્ય ન્યાય મેળવવામાં મદદ થઈશકે. પ્રોસિક્યુટરોએ એ વાતની ખાતરી કરવી જરૂરી છે કે યોગ્ય રીતે કાયદો લાગુ પાડવામાં આવે છે; લાગતાવળગતા પુરાવાઓ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવે છે; અને જાહેર કરવાની ફરજોનું પાલન કરવામાં આવે છે.

2.3 દરેક કેસને તેના પોતાના ગુણો પર જ ધ્યાનમાં લેવામાં આવવો જોઈએ, તેમ છતાં, એવા કેટલાક સાધારણ સિદ્ધાંતો છે જે દરેક કેસ પર લાગુ પડે છે.

2.4 પ્રોસિક્યુટરો ન્યાયી, સ્વતંત્ર અને હેતુપૂર્ણ હોવાં જરૂરી છે. તેમણે શકમંદ વ્યક્તિ, ગુનાનો ભોગ બનેલ વ્યક્તિ અથવા કોઈ પણ સાક્ષીના લઘુમતી અથવા રાષ્ટ્રિય વંશમૂળ, લિંગ, અસમર્થતા, ઉંમર, ધર્મ અથવા માન્યતા, રાજકીય મંતવ્યો, જાતીય અભિગમ અથવા લૈંગિક ઓળખ વિશેના પોતાના અંગત મંતવ્યોનો પ્રભાવ પોતાના નિર્ણયો પર ન જ પડવા દેવો જોઈએ. તે જ રીતે પ્રોસિક્યુટરો પર કોઈ પણ તરફથી આવતા અયોગ્ય કે ગેરવાજબી દબાવની પણ અસર ન જ થવી જોઈએ. પ્રોસિક્યુટરોએ માત્ર વ્યક્તિનો ગુનો સાબિત કરવા માટે જ નહિ પરંતુ ન્યાયના હિતમાં જ કામ કરવું જોઈએ.

2.5 હાલના, લાગતાવળગતા સમાનતાને લગતા કાયદાના હેતુસર સી.પી.એસ. એક જાહેર સત્તા છે. આ કાયદામાં નક્કી કરવામાં આવેલી ફરજોથી પ્રોસિક્યુટરો બંધાયેલા છે.

2.6 કેસના દરેક તબક્કે પ્રોસિક્યુટરોએ હ્યુમન રાઈટ્સ એક્ટ 1998ના અનુસંધાનમાં યુરોપિયન કન્વેન્શન ઓન હ્યુમન રાઈટ્સના સિદ્ધાંતો લાગુ પાડવા જ જોઈએ. હાલમાં અમલમાં રહેલા ક્રિમિનલ પ્રોસીજર રૂલ્સ (ફોજદારી કાર્યવાહીને લગતા નિયમો)ની સાથે સાથે, એટોર્ની જનરલ દ્વારા બહાર પાડવામાં આવેલી કોઈ પણ માર્ગદર્શિકાઓનું પણ પ્રોસિક્યુટરોએ પાલન કરવું જ જોઈએ; તેમજ આંતરરાષ્ટ્રિય પ્રણાલિકાઓમાંથી ઊભી થતી ફરજોને ધ્યાનમાં રાખવી

જોઈએ. ડી.પી.પી.ના વતી જારી કરવામાં આવેલી સી.પી.એસ.ની નીતિઓ અને માર્ગદર્શનોનું તેમણે પાલન કરવું જ જોઈએ, જે જાહેર જનતાને વાંચવા માટે સી.પી.એસ.ની વેબસાઈટ પરથી મળી શકે છે.

કોઈને પ્રોસિક્યુટ કરવા કે નહિ તેનો નિર્ણય

3.1 વધારે ગંભીર અથવા જટિલ કિસ્સાઓમાં, પ્રોસિક્યુટરો એ નિર્ણય લે છે કે તે વ્યક્તિ ઉપર ફોજદારી ગુનાનો ચાર્જ મૂકવામાં આવવો જોઈએ કે નહિ અને જો ચાર્જ મૂકવામાં આવે તો તે ગુનો કયો હોવો જોઈએ. તેઓ તેમનો તે નિર્ણય આ કોડ તેમજ ચાર્જ મૂકવા અંગેની ડી.પી.પી.ની માર્ગદર્શિકા અનુસાર લે છે. પોલીસ પણ તેઓ જેના માટે જવાબદાર હોય તેવા કેસોમાં કોઈ વ્યક્તિ સામે ફોજદારી ગુનાની કાર્યવાહી શરૂ કરવી કે નહિ તેના નિર્ણય લેવામાં આ જ સિદ્ધાંતો લાગુ પાડે છે.

3.2 પોલીસ તેમજ અન્ય તપાસ અધિકારીઓ કોઈ પણ આરોપ મૂકવામાં આવેલા ગુનાની તપાસનું કામકાજ કરવા માટે અને તેમના સંસાધનો કેવી રીતે જમાવવાં તેનો નિર્ણય લેવા માટે જવાબદાર છે. આમાં કોઈ તપાસકાર્ય શરૂ કરવાનો કે તે ચાલુ રાખવાનો અને તે તપાસનું કાર્યક્ષેત્ર કયો રહેશે છે તેના નિર્ણયનો સમાવેશ થાય છે. પ્રોસિક્યુટરો ઘણીવાર પોલીસને તેમજ અન્ય તપાસ અધિકારીઓને તપાસના સંભવિત માર્ગો તેમજ પુરાવાઓને લગતી જરૂરિયાતો વિશે સલાહ પૂરી પાડે છે અને ચાર્જ મૂકવામાં આવે તે પહેલાંની કાર્યવાહીઓમાં સહાયતા કરે છે. મોટા પાયા પર કરવામાં આવતી તપાસોમાં પ્રોસિક્યુટરોને કદાચ ગુનાકીય આચરણના અવકાશની સ્પષ્ટતા કરવી કે તેને ઓછો કરવો તેમજ કેટલી સંખ્યામાં શકમંદ લોકોને તપાસ હેઠળ રાખવાં તે સહિત તપાસની એકંદર વ્યૂહરચના પરના નિર્ણયો પર સલાહ આપવાનું કહેવામાં આવી શકે. આ પોલીસ તેમજ અન્ય તપાસ અધિકારીઓને તપાસનું કાર્ય વાજબી સમયની અંદર પૂરું કરવામાં મદદ કરવા માટે અને સૌથી વધારે અસરકાર હોય તેવો પ્રોસિક્યુશન માટેનો કેસ તૈયાર કરવા માટે કરવામાં આવે છે. પરંતુ, પ્રોસિક્યુટરો પોલીસ તેમજ અન્ય તપાસ અધિકારીઓને દિશાસૂચન ન કરી શકે.

3.3 પ્રોસિક્યુટરોએ પુરાવાને લગતી નબળાઈઓ ઓળખવી જોઈએ અને જ્યાં શક્ય હોય ત્યાં તે સુધારવાનો પ્રયાસ કરવો જોઈએ, પરંતુ તે 'થ્રેશોલ્ડ ટેસ્ટ' (વિભાગ 5 જુઓ)ને અધીન રહીને તેમણે એવા કેસો ત્વરિતપણે બંધ કરી દેવા જોઈએ જે સંપૂર્ણ કોડ ટેસ્ટનો (વિભાગ 4 જુઓ) પુરાવાનો તબક્કો પૂરો ન કરતા હોય, અને તેમાં વધારે તપાસ કરવાથી તે કેસને વધારે મજબૂત બનાવી શકાય તેમ ન હોય, અથવા તો જ્યાં જાહેર હિત માટે પ્રોસિક્યુશન કરવાની જરૂરત ન હોય (વિભાગ 4 જુઓ). જો કે પોલીસ તેમજ અન્ય તપાસ અધિકારીઓએ પૂરી પાડેલી માહિતી અને પુરાવાઓને પ્રોસિક્યુટર શરૂઆતમાં ધ્યાનમાં લઈ શકે છે, પરંતુ ચાર્જ મૂકવામાં આવે તે પહેલાં શકમંદ તેમજ તેમના વતી કાર્યવાહી કરનારાં પણ પોતે પણ પોલીસ અથવા અન્ય તપાસ અધિકારીઓ મારફતે પુરાવાઓ કે માહિતી પ્રોસિક્યુટરને મોકલાવી શકે છે, જેનાથી પ્રોસિક્યુટરને તેમનો નિર્ણય લેવામાં મદદ થાય.

3.4 જ્યારે કેસ ફૂલ કોડ ટેસ્ટના બંને તબક્કાઓ પસાર કરી લે (વિભાગ 4 જુઓ), ત્યારે જ પ્રોસિક્યુટરે પ્રોસિક્યુશનની પ્રક્રિયા શરૂ કરવી કે ચાલુ રાખવી જોઈએ. આમાં એક અપવાદ એ છે કે જ્યાં ચાર્જ મૂકવામાં આવ્યા બાદ શકમંદને કસ્ટડીમાં રાખવા માટે કોર્ટમાં અરજી કરવાનું સૂચવવામાં આવ્યું હોય, અને ફૂલ કોડ ટેસ્ટ લાગુ પાડવા માટેના પુરાવાઓ હજુ સુધી મળ્યા ન હોય ત્યાં થ્રેશોલ્ડ ટેસ્ટ લાગુ પાડવામાં આવી શકે (વિભાગ 5 જુઓ).

3.5 પ્રોસિક્યુટરોએ એવી પ્રોસિક્યુશનની કાર્યવાહી ન જ શરૂ કરવી કે ચાલુ રાખવી જોઈએ કે જે કોર્ટના માનવા મુજબ જુલમી અથવા તો અન્યાયી હોય અને કોર્ટની કાર્યવાહી પ્રતિ અપમાનજનક હોય.

3.6 પ્રોસિક્યુટરોને પોલીસ અથવા અન્ય તપાસ અધિકારીઓ તરફથી મળતા દરેકેદરેક કેસની તેઓ સમીક્ષા કરે છે. સમીક્ષા (રિવ્યૂ) એક સતત ચાલુ પ્રક્રિયા છે અને કેસ જેમ આગળ વધતો જાય તેમ તેના સંજોગોમાં જો કોઈ ફેરફારો થાય, જેમ કે તે બચાવ પક્ષ વિશે જેમ વધારે જાણકારી મળતી જાય, તો તેના સહિતના ફેરફારોને પ્રોસિક્યુટરોએ ધ્યાનમાં લેવા જ જોઈએ. ચાર્જ બદલવાનું વિચારતી વખતે અથવા તો કેસ બંધ કરી દેવાનું વિચારતી વખતે, જ્યારે પણ શક્ય હોય ત્યારે તેમણે તપાસ અધિકારી સાથે વાત કરવી જોઈએ. પ્રોસિક્યુટરો અને તપાસ અધિકારીઓ નિકટથી સાથે મળીને કામ કરે છે, પરંતુ કેસ આગળ વધવો જોઈએ કે નહિ તેનો નિર્ણય લેવાની આખરી જવાબદારી સી.પી.એસ. ઉપર રહે છે.

3.7 સંસદે નક્કી કરેલું છે કે ડી.પી.પી. સાથેની મંજૂરી સાથે માત્ર અમુક મર્યાદિત સંખ્યાના ગુનાઓ જ કોર્ટમાં લઈ જવામાં આવવા જોઈએ. આને કોન્સેન્ટ કેસ (મંજૂરી અપાયેલ કેસો) કહેવાય છે. આવા કેસોમાં ડી.પી.પી. અથવા તો તેમના વતી કાર્યવાહી કરી રહેલ પ્રોસિક્યુટરો પ્રોસિક્યુશન માટેની મંજૂરી આપવી કે નહિ તેનો નિર્ણય લેવામાં કોડ લાગુ પાડે છે. એવા પણ કેટલાક ગુનાઓ છે જે એટોર્ની જનરલની મંજૂરી લઈને જ કોર્ટમાં લઈ જવામાં આવવા જોઈએ. આવા કોઈ પણ કેસો એટોર્ની જનરલને મોકલતાં પહેલાં પ્રોસિક્યુટરોએ હાલની માર્ગદર્શિકાનું પાલન કરવું જ જોઈએ. તે ઉપરાંત, એટોર્ની જનરલને સી.પી.એસ. ઉપરની તેમની દેખરેખ રાખવાના અને તેનાં પગલાં માટે સંસદને જવાબદાર હોવાના ભાગરૂપે અમુક કેસો વિશે માહિતગાર રાખવામાં આવશે.

સંપૂર્ણ (ફૂલ) કોડ ટેસ્ટ

4.1 સૂંપર્ણ કોડ ટેસ્ટના બે તબક્કા છેઃ (i) પુરાવાનો તબક્કો, જેના પછી (ii) જાહેર હિતનો તબક્કો આવે છે.

4.2 મોટા ભાગના કેસોમાં, તપાસકાર્ય પૂરૂં થઈ જાય અને તમામ ઉપલબ્ધ પુરાવાઓની સમીક્ષા (રિવ્યૂ) કરી લેવામાં આવે તે પછી જ પ્રોસિક્યુશને નક્કી કરવું જોઈએ કે પ્રોસિક્યુટ કરવું કે નહિ. પરંતુ, એવા પણ કેસો હશે જ્યાં, તમામ સંભવિત પુરાવાઓ એકઠા કરતાં પહેલાં અને તેમના પર વિચારણા કરતાં પહેલાં, એ સ્પષ્ટ હશે કે તેમાં જાહેર હિત માટે પ્રોસિક્યુશન કરવું આવશ્યક નથી. આવા બનાવોમાં, તે કેસ આગળ ન વધવો જોઈએ તેવું પ્રોસિક્યુટરો નક્કી કરી શકે.

4.3 પ્રોસિક્યુટરોએ એવા નિર્ણયો ત્યારે જ લેવા જોઈએ જ્યારે તેમને એ વાતનો સંતોષ થઈ જાય કે તે કિસ્સામાં ગુનાકીય પાસા વિશે વિસ્તૃતપણે નિર્ધાર કરી લેવામાં આવ્યો છે અને તેઓ સંપૂર્ણપણે માહિતગાર રહીને જાહેર હિતની આકારણી કરી શકે તેમ છે. જો આવો નિર્ણય લેવા માટે પૂરતી માહિતી પ્રોસિક્યુટરો પાસે ન હોય, તો તપાસકાર્ય આગળ વધવું જોઈએ અને આ વિભાગમાં હવે પછી જણાવવામાં આવ્યા મુજબ સંર્પૂણ કોડ ટેસ્ટ અનુસાર નિર્ણય લેવામાં આવવો જોઈએ.

પુરાવાનો તબક્કો

4.4 પ્રોસિક્યુટરોને એ વાતનો સંતોષ થવો જ જોઈએ કે દરેક શકમંદ પર મૂકવામાં આવેલ દરેક ચાર્જ સામે તેમનો ગુનો સાબિત કરવાની વાસ્તવિક સંભાવના પૂરી પાડે તેવા પૂરતા પુરાવાઓ ઉપલબ્ધ છે. તેમણે બચાવ પક્ષનો કેસ શું હોઈ શકે, અને તેનાથી ગુનો સાબિત કરવા પર કેવી રીતે અસર પડી શકે તેમ છે તે વાતને ધ્યાનમાં લેવી જ જોઈએ. જે કેસ પુરાવાનો તબક્કો પાસ ન કરે તે આગળ ન જ વધવો જોઈએ, પછી ભલે તે ગમે તેટલો ગંભીર કે સંવેદનાશીલ હોય.

4.5 ગુનો સાબિત કરવાની વાસ્તવિક સંભાવના રહેલી છે તે જાણકારી મેળવવાનો આધાર પ્રોસિક્યુટરે પુરાવાઓનું કેટલું હેતુપૂર્ણ રીતે મૂલ્યાંકન કરેલું છે તેના પર રહેલો છે જેમાં કોઈ બચાવની અસરોનો તેમજ શકમંદે કદાચ રજૂ કરેલી કોઈ માહિતી અથવા જેના પર તેઓ કદાચ આધાર રાખી શકે તેમ હોય તેનો પણ સમાવેશ થાય છે. એટલે કે આરોપ મૂકવામાં આવેલ ચાર્જ ઉપર પ્રતિવાદીને ગુનેગાર સાબિત નહિ કરવા કરતાં, કેસ સાંભળી રહેલ, યોગ્ય રીતે દિશાસૂચન મેળવેલ અને કાયદા અનુસાર કાર્યવાહી કરનાર, હેતુપૂર્ણ, નિષ્પક્ષ અને વાજબી જ્યૂરી અથવા મેજિસ્ટ્રેટોની બેન્ચ અથવા એક માત્ર જજ તેને ગુનેગાર સાબિત કરે તેની શક્યતા વધારે છે. ક્રિમિનલ કોર્ટ્સ (ફોજદારી અદાલતો)એ પોતે જે લાગુ પાડવો જરૂરી છે તેના કરતાં આ જુદો ટેસ્ટ (ચકાસણી) છે. જો કોર્ટને ખાતરી હોય કે પ્રતિવાદી ગુનેગાર છે તો જ તે તેને ગુનેગાર ઠેરવી શકે છે.

4.6 પ્રોસિક્યુટ કરવા માટે પુરતા પ્રમાણમાં પુરાવા છે તેવો નિર્ણય લેતી વખતે, પ્રોસિક્યુટરોએ પોતાની જાતને નીચેના સવાલો પૂછવા જોઈએઃ

તે પુરાવાનો ઉપયોગ કોર્ટમાં કરી શકાય તેમ છે?

પ્રોસિક્યુટરોએ એ બાબત વિચાર કરવો જોઈએ કે અમુક પુરાવાઓ કોર્ટમાં દાખલ કરવા યોગ્ય હોવા ઉપર કોઈ પ્રશ્ન છે કે નહિ. તેમ કરવામાં, પ્રોસિક્યુટરોએ નીચેની બાબતોની આકારણી કરવી જોઈએઃ

a) કોર્ટ દ્વારા તે પુરાવો કોર્ટમાં દાખલ કરવા યોગ્ય નહિ હોવાનું જણાવવામાં આવે તેની શક્યતાઓ; અને

b) સમગ્ર પુરાવાના સંબંધમાં તે પુરાવાનું મહત્ત્વ.

તે પુરાવો ભરોસાપાત્ર છે?

પ્રોસિક્યુટરોએ વિચાર કરવો જોઈએ કે તે પુરાવાની પ્રમાણિકતાની સચોટતા સહિત તે પુરાવાની પ્રમાણિકતા ઉપર પ્રશ્ન ઉઠાવવા માટેનાં કોઈ કારણો છે કે નહિ.

શું તે પુરાવો વિશ્વસનીય છે?

તે પુરાવાની વિશ્વસનીયતા પર શંકા કરવા માટેનાં કોઈ કારણો છે કે નહિ તેનો પ્રોસિક્યુટરોએ વિચાર કરવો જોઈએ.

જાહેર હિતનો તબક્કો

4.7 દરેક કેસમાં જ્યાં પ્રોસિક્યુશનને ન્યાયોચિત ઠેરવે તેટલા પુરતા પુરાવાઓ હોય તેમાં પ્રોસિક્યુટરોએ આગળ એ વિચાર કરવો જ જોઈએ કે તે પ્રોસિક્યુશન કરવાનું જાહેર હિતમાં જરૂરી છે કે નહિ.

4.8 એક વાર પુરાવાનો તબક્કો પુરો થઈ જાય એટલે આપમેળે જ પ્રોસિક્યુશનની પ્રક્રિયા આગળ વધશે એવો નિયમ ક્યારેય નથી. પ્રોસિક્યુશનની પ્રક્રિયા સામાન્ય રીતે તો જ આગળ વધશે જો પ્રોસિક્યુટરને એ વાતનો સંતોષ થાય કે પ્રોસિક્યુશન કરવાની વિરુદ્ધ જાહેર હિતને લગતાં એવાં કોઈ પરિબળો નથી, જે પ્રોસિક્યુશનની તરફેણ કરતાં પરિબળો કરતાં વધારે સશક્ત હોય. કેટલાક કિસ્સાઓમાં એવું બની શકે કે પ્રોસિક્યુટરને એ વાતનો સંતોષ થાય કે પ્રોસિક્યુશન કરવાને બદલે ગુનેગારને તે મામલો કોર્ટની બહાર ઉકેલવાની તક આપવાથી જાહેર હિત યોગ્ય રીતે સચવાઈ શકે તેમ છે.

4.9 જાહેર હિતનો નિર્ણય લેતી વેળાએ, પ્રોસિક્યુટરોએ નીચે ફકરા 4.12 a) થી g) માં જણાવેલ દરેક પ્રશ્ન ધ્યાનમાં લેવો જોઈએ, જેથી તેઓ પ્રોસિક્યુશનની તરફેણમાં અને તેની વિરુદ્ધમાં જતાં જાહેર હિતનાં લાગતાંવળગતાં પરિબળો ઓળખી અને નક્કી કરી શકે. આ પરિબળો, તેમજ તેની સાથે ડી.પી.પી. દ્વારા જારી કરવામાં આવેલ કોઈ પણ સંબંધિત

માર્ગદર્શિકા કે નીતિમાં જણાવવામાં આવેલ જાહેર હિતનાં પરિબળોથી પ્રોસિક્યુટરો જાહેર હિતનું એક સર્વાંગી મૂલ્યાંકન કરી શકવાં જોઈએ.

4.10 નીચેના ફકરા 4.12 a) થી g) માં આપેલા દરેક પ્રશ્નની નીચે આપેલી સમજૂતીમાં તે દરેક પ્રશ્ન સંબોધતી વખતે અને તે પ્રોસિક્યુશનની તરફેણમાં કે તેની વિરુદ્ધમાં જાહેર હિતનું પરિબળ છે કે નહિ તે નક્કી કરતી વખતે પ્રોસિક્યુટરો માટેનું માર્ગદર્શન આપવામાં આવેલ છે. અહીં ઓળખવામાં આવેલા પ્રશ્નોની સંપૂર્ણ યાદી નથી, અને તમામ પ્રશ્નો દરેક કેસમાં લાગુ ન પણ પડે. દરેકેદરેક પ્રશ્નને અને તેમાં ઓળખવામાં આવેલ પરિબળને કેટલું મહત્ત્વ આપવું તે પણ દરેકેદરેક કેસની પોતાની અલગ અલગ હકીકતો અને ગુણો અનુસાર જુદું જુદું રહેશે.

4.11 એવું પણ બની શકે કે જાહેર હિતનું કોઈ એક માત્ર પરિબળ જ તેની વિરુદ્ધમાં જતાં અનેક પરિબળો કરતાં ઘણું વધારે મહત્ત્વ ધરાવતું હોય. અમુક કિસ્સામાં, જાહેર હિતનાં પરિબળો પ્રોસિક્યુશનની વિરુદ્ધ જતાં હોવા છતાં, પ્રોસિક્યુટરોએ પ્રોસિક્યુશન આગળ વધારવાનું વિચારવું જોઈએ અને જ્યારે સજા સંભળાવવામાં આવે ત્યારે તે પરિબળોને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવવાં જોઈએ.

4.12 પ્રોસિક્યુટરોએ નીચેના દરેકેદરેક પ્રશ્નો ધ્યાનમાં લઈને તેના ઉપર વિચાર કરવો જોઈએઃ

a) *કરવામાં આવેલ ગુનો કેટલો ગંભીર છે?*

ગુનો જેટલો વધારે ગંભીર હોય, તેટલી જ તેના માટે પ્રોસિક્યુશન જરૂરી હોવાની શક્યતાઓ વધારે છે.

કરવામાં આવેલ ગુનાની ગંભીરતાના પ્રમાણનો નિર્ણય લેતી વખતે, પ્રોસિક્યુટરોએ ધ્યાનમાં લેવાનાં પરિબળોની સાથે તે શકમંદ વ્યક્તિ કેટલી દોષપાત્ર હોઈ શકે અને ગુનાનો ભોગ બનેલ વ્યક્તિને કેટલું નુક્સાન થયું છે તેનો વિચાર પણ કરવો જોઈએ, જે માટે તેમણે પોતાની જાતને આ પ્રશ્નો b) અને c) પૂછવા જોઈએ.

b) શકમંદ વ્યક્તિ દોષપાત્ર હોવાનું પ્રમાણ કેટલું છે?

શકમંદ વ્યક્તિ જેટલી વધારે દોષપાત્ર હોવાનું પ્રમાણ હોય, તેટલી જ તેના માટે પ્રોસિક્યુશન જરૂરી હોવાની શક્યતા છે.

દોષપાત્ર હોવાના પ્રમાણ નક્કી કરવામાં, શકમંદ વ્યક્તિ કેટલા પ્રમાણમાં તેમાં સંડોવાયેલી હતી; તે ગુનો કેટલી હદ સુધી પહેલેથી સમજી વિચારીને અને/અથવા ગુનો કરવાની યોજના બનાવીને કરવામાં આવ્યો હતો; તેમના પર તે પહેલાં કોઈ ગુનો સાબિત થયેલો હતો કે નહિ અને/અથવા તેમણે કોર્ટ બહાર કોઈ કેસના નિકાલ લાવેલા હતા

કે નહિ અને જામીન પર હોય અથવા કોર્ટના ઓર્ડરને અધીન હોય તે દરમ્યાન તેમણે કોઈ ગુના કર્યા હતા કે નહિ; તેમનું ગુના કરવાનું ચાલુ રહે, તેઓ ફરીથી તે ગુના કરે અથવા વધારે પ્રમાણમાં ગુના કરે તેવી શક્યતાઓ છે કે નહિ; અને શકમંદની ઉંમર તેમજ તેમની પરિપક્વતાને ધ્યાનમાં લેવામાં આવી શકે (18 વર્ષથી ઓછી ઉંમરનાં ગુનેગારો માટે નીચે આપેલ ફકરો d) જુઓ).

વ્યક્તિ દોષપાત્ર હોવાનો વિચાર કરતી વખતે પ્રોસિક્યુટરોએ એ વાત પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે, શકમંદ વ્યક્તિ કોઈ મહત્ત્વની માનસિક અથવા શારીરિક બીમારીથી પીડાઈ રહેલ છે અથવા ગુનો થયો તે સમયે તેનાથી પીડાઈ રહેલ હતી, કારણ કે અમુક સંજોગોમાં આને કારણે પ્રોસિક્યુશનની જરૂરત હોવાની શક્યતાઓ ઓછી થઈ જાય એવું બની શકે. પરંતુ, પ્રોસિક્યુટરોએ એ વાતને પણ ધ્યાનમાં લેવાની જરૂર પડશે કે તે ગુનો કેટલો ગંભીર હતો, તે ફરીથી થાય એવી શક્યતા છે કે નહિ અને તેમણે જાહેર જનતાનું અથવા તેવાં લોકોની સંભાળ પૂરી પાડતાં લોકોનું રક્ષણ કરવાની જરૂરત છે.

c) ગુનાનો ભોગ બનેલ વ્યક્તિના સંજોગો અને તેમને થયેલ નુકસાન શું છે?

ગુનાનો ભોગ બનેલ વ્યક્તિ (વિક્ટિમ)ના સંજોગો ખૂબ જ અગત્યની રીતે લાગેવળગે છે. ગુનાનો ભોગ બનેલ વ્યક્તિ જેટલી વધારે અરક્ષિત હોય, તેટલી જ પ્રોસિક્યુશન કરવાની જરૂરત વધારે હોવાની શક્યતા છે. આમાં, શકમંદ વ્યક્તિ અને ગુનાનો ભોગ બનેલ વ્યક્તિ વચ્ચે કોઈ વિશ્વાસની અથવા અધિકૃત પરિસ્થિતિ અસ્તિત્વમાં રહેલ છે કે નહિ તેનો પણ સમાવેશ થઈ જાય છે.

જ્યારે જેની સામે ગુનો કરવામાં આવેલ હોય તે ભોગ બનેલ વ્યક્તિ તે સમયે જાહેર જનતાને સેવા આપતી વ્યક્તિ હોય તો પણ પ્રોસિક્યુશન કરવામાં આવે તેવી શક્યતાઓ વધી જાય છે.

પ્રોસિક્યુટરોએ એ વાત પણ ધ્યાનમાં રાખવી જ જોઈએ કે ભોગ બનેલ વ્યક્તિના લઘુમતી કે રાષ્ટ્રિય વંશમૂળ, લિંગ, અસમર્થતા, ઉંમર, ધર્મ અથવા માન્યતા, જાતીય અભિગમ અથવા લૈંગિક ઓળખની વિરુદ્ધ કોઈ પ્રકારના ભેદભાવથી પ્રેરિત તે ગુનો કરવામાં આવ્યો હતો કે કેમ; અથવા તો ભોગ બનેલ વ્યક્તિની આમાંથી કોઈ લાક્ષણિકતાના આધારે શકમંદ વ્યક્તિએ તેમના પ્રતિ દુશ્મનીભર્યું વર્તન કર્યું હતું. આ પ્રકારના કોઈ પણ ઈરાદા કે દુશ્મનાવટ હશે, તો તેનો અર્થ એવો થશે કે પ્રોસિક્યુશનની જરૂરત હોવાની શક્યતાઓ વધારે છે.

જાહેર હિતમાં પ્રોસિક્યુશન કરવાની જરૂરત છે કે નહિ તેનો નિર્ણય લેતી વખતે, પ્રોસિક્યુટરોએ તે ગુનાની કેવી અસર પડી છે તે વિશે ગુનાનો ભોગ બનેલ વ્યક્તિએ વ્યક્ત કરેલાં મંતવ્યોને ધ્યાનમાં લેવાં જોઈએ. અમુક યોગ્ય કિસ્સાઓમાં આમાં ભોગ બનેલ વ્યક્તિનાં કુટુંબીજનોનાં મંતવ્યોનો પણ સમાવેશ થઈ શકે છે.

પ્રોસિક્યુટરોએ ગુનાની ગંભીરતાને હંમેશાં ખ્યાલમાં રાખીને એ વાત પણ ધ્યાનમાં લેવી જરૂરી છે કે પ્રોસિક્યુશનથી ગુનાનો ભોગ બનેલ વ્યક્તિની શારીરિક કે માનસિક તંદુરસ્તી પર કોઈ વિપરિત અસર પડે તેવી સંભાવના છે કે નહિ. જો પ્રોસિક્યુશનને કારણે ગુનાનો ભોગ બનેલ વ્યક્તિની તંદુરસ્તી પર વિપરિત અસર પડે તેવી સંભાવના હોવાના પુરાવા હોય, તો ભોગ બનેલ વ્યક્તિનાં મંતવ્યોને ધ્યાનમાં રાખીને પ્રોસિક્યુશન કરવાની શક્યતાઓ કદાચ ઓછી થઈ જાય એવું બને.

તેમ છતાં, વકીલો પોતાનાં ગ્રાહકો માટે જેવી રીતે કામ કરે છે તેવી જ રીતે સી.પી.એસ. ગુનાનો ભોગ બનેલ વ્યક્તિઓ કે તેમનાં કુટુંબો માટે કામ કરતું નથી અને પ્રોસિક્યુટરોએ જાહેર હિતનું એક સર્વાંગી મંતવ્ય બાંધવું જરૂરી છે.

d) ગુનો કરવાના સમયે શકમંદ વ્યક્તિ 18 વર્ષથી ઓછી ઉંમરની હતી?

ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ (ફોજદારી ગુનાનો ન્યાય કરતી પદ્ધતિ) બાળકો અને યુવાન લોકો સાથે પુખ્ત વયનાં લોકો કરતાં જુદી રીતે વ્યવહાર કરે છે અને જો શકમંદ વ્યક્તિ બાળક અથવા 18 વર્ષથી ઓછી ઉંમરની યુવાન હોય તો તેમની ઉંમરને ઘણું જ મહત્ત્વ આપવામાં આવે છે. બાળક અને યુવાન વ્યક્તિના સર્વોત્તમ હિતનો વિચાર કરવો જ જોઈએ, જેમાં પ્રોસિક્યુશન કરવાને કારણે તેમની ભવિષ્યની સંભાવનાઓ પર એવી વિપરિત અસરો પડવાની શક્યતાઓ છે કે નહિ જે ગુનાની ગંભીરતાના પ્રમાણમાં અયોગ્ય હોય એ વાત વિચારવાનો પણ સમાવેશ થઈ જાય છે. પ્રોસિક્યુટરોએ યુવાનોનો ન્યાય કરવાની પદ્ધતિના મુખ્ય ઉદ્દેશને ધ્યાનમાં રાખવો જ જોઈએ જે બાળકો તેમજ યુવાન લોકોને ગુના આચરતાં રોકવાનો છે. પ્રોસિક્યુટરોએ બાળકના અધિકારો ઉપરના યુનાઈટેડ નેશન્સના 1989 કન્વેન્શન હેઠળ ઊભી થતી ફરજોને પણ ધ્યાનમાં રાખવી જ જોઈએ.

શરૂઆત કરવાના મુદ્દા તરીકે, શકમંદ વ્યક્તિ જેટલી નાની હોય, તેટલું જ પ્રોસિક્યુશન જરૂરી હોવાની શક્યતાઓ ઓછી હોય છે.

પરંતુ, એવા પણ કેટલાક સંજોગો હોઈ શકે, જેના કારણે શકમંદ વ્યક્તિ 18 વર્ષથી ઓછી ઉંમરની હોવાનું ધ્યાનમાં લીધા વગર જાહેર હિતમાં પ્રોસિક્યુશન કરવું જરૂરી હોય. આમાં જ્યાં કરવામાં આવેલ ગુનો ગંભીર હોય, જ્યાં શકમંદના ભૂતકાળના રેકોર્ડમાંથી એવું દેખાય કે પ્રોસિક્યુશન કરવા સિવાય બીજા કોઈ યોગ્ય માર્ગ નથી, અથવા તો જ્યાં ગુનાની કબૂલાતની ગેરહાજરીનો અર્થ એવો થતો હોય કે જે ગુનાકીય વર્તનને સંબોધવા માટે કોર્ટ બહાર નિકાલો લાવવાનું શક્ય હતું તે ઉપલબ્ધ નથી.

e) સમાજ ઉપર તેની શું અસર પડે છે?

ગુનાની સમાજ ઉપર જેટલી વધારે અસર પડે તેમ હોય, તેટલી જ પ્રોસિક્યુશન કરવાની શક્યતાઓ વધારે છે. આ પ્રશ્ન ઉપર વિચાર કરતી વખતે, પ્રોસિક્યુટરોએ એ વાતને ધ્યાનમાં રાખવી જોઈએ કે સમાજ એટલે કે એક સમાવેષક પરિભાષા છે, અને માત્ર જે તે સ્થળ પરનાં મર્યાદિત સમાજો પૂરતી જ નથી.

f) પ્રોસિક્યુશન પ્રમાણસરનો પ્રતિસાદ છે?

પ્રોસિક્યુટરોએ એ વાતનો પણ વિચાર કરવો જોઈએ કે સંભવિત પરિણામની સામે પ્રોસિક્યુશન એ પ્રમાણસર પ્રતિસાદ છે કે નહિ, અને તેમ કરવા માટે જે કેસ પર વિચારણા કરવામાં આવી રહી હોય તેના માટે નીચેની બાબતો કદાચ સંબંધિત હોઈ શકેઃ

- સી.પી.એસ. તેમજ વિસ્તૃત જસ્ટિસ સિસ્ટમને થનારો ખર્ચ, ખાસ કરીને જ્યારે સંભવિત સજા સામે તે ખર્ચ ખૂબ વધારે પડતો હોવાનું માનવામાં આવતું હોય. (પ્રોસિક્યુટરોએ માત્ર આ જ પરિબળના આધારે જાહેર હિતનો નિર્ણય ન લેવો જોઈએ. એ આવશ્યક છે કે ફકરા 4.12 a) થી g) માં આપેલ અન્ય પ્રશ્નો ઉપર વિચાર કરતી વખતે ઓળખવામાં આવેલ જાહેર હિતનાં અન્ય પરિબળો પર પણ ધ્યાન આપવામાં આવે, પરંતુ જાહેર હિતનું સર્વાંગી મૂલ્યાંકન કરતી વખતે થનારો ખર્ચ એક સંબંધિત પરિબળ છે.)

- કેસો એવી રીતે પ્રોસિક્યુટ કરી શકાય તેવા હોવા જોઈએ, જે કેસના અસરકારક સંચાલનના સિદ્ધાંતો સાથે સુમેળ બેસે તેવા હોય. દાખલા તરીકે, એક કરતાં વધારે શકમંદ વ્યક્તિઓ સંડોવાયેલી હોય તેવા કેસોમાં, પ્રોસિક્યુશન માત્ર તેમાં સંડોવાયેલ મુખ્ય વ્યક્તિઓ પૂરતું જ રાખવામાં આવે, જેથી ખૂબ વધારે પડતી લાંબી અને જટિલ કાર્યવાહીઓ ન કરવી પડે.

g) જ્યાંથી માહિતી મળી છે તે સ્રોત (માહિતી આપનાર)નું રક્ષણ કરવાની જરૂર છે?

જે કેસોમાં જાહેર હિતની સુરક્ષા લાગુ ન પડતી હોય, ત્યાં પ્રોસિક્યુશન આગળ વધારતી વખતે ખાસ ધ્યાન રાખવું જોઈએ, જ્યાં એવી વિગતો જાહેર કરવી પડે તેમ હોય જેના લીધે તે માહિતી આપનારને, આંતરરાષ્ટ્રિય સંબંધોને અથવા તો રાષ્ટ્રિય સુરક્ષાને કદાચ નુક્સાન થઈ શકે તેમ હોય. આવા કેસોને સતત રીતે સમીક્ષા હેઠળ રાખવામાં આવે તે આવશ્યક છે.

થ્રેશોલ્ડ ટેસ્ટ

5.1 જ્યાં શકમંદને જામીન પર છોડવાને કારણે ખૂબ મોટા પ્રમાણમાં જોખમ ઊભું થતું હોય અને તેને જ્યારે કસ્ટડીમાંથી છોડવામાં આવે તે સમયે તમામ પુરાવાઓ ઉપલબ્ધ ન હોય, સિવાય કે તેના પર ચાર્જ મૂકવામાં આવ્યો હોય, માત્ર ત્યારે જ થ્રેશોલ્ડ ટેસ્ટ લાગુ પાડી શકાય છે.

થ્રેશોલ્ડ ટેસ્ટ ક્યારે લાગુ પાડી શકાય છે

5.2 નીચેની શરતો પૂરી કરવામાં આવે છે કે નહિ તે પ્રોસિક્યુટરોએ નક્કી કરવું જ પડે છેઃ

a) સંપૂર્ણ કોડ ટેસ્ટનો પુરાવાનો તબક્કો લાગુ પાડવા માટે હાલમાં પુરતા પુરાવાઓ નથી; અને
b) એવું માનવા માટે વાજબી કારણો છે કે વાજબી સમયની અંદર બીજા પુરાવાઓ મળી રહેશે; અને
c) કેસની ગંભીરતા કે સંજોગો તાત્કાલિક ચાર્જ લગાવવાનો નિર્ણય વાજબી ઠેરવે તેવા છે; અને
d) બેઈલ એક્ટ 1976 અનુસાર જામીન આપવા સામે વાંધો ઉઠાવવાના સતત મહત્ત્વનાં કારણો હોય અને કેસના બધા સંજોગો અનુસાર તેમ કરવાનું યોગ્ય પણ હોય.

5.3 જ્યાં ઉપરનામાંથી કોઈ શરત પૂરી ન થતી હોય, ત્યાં થ્રેશોલ્ડ ટેસ્ટ લાગુ પાડી શકાય નહિ અને શકમંદ પર ચાર્જ લગાવી શકાય નહિ. તે વ્યક્તિને અટકાયતમાં રાખી મૂકવી કે પછી કોઈ શરતો સાથે કે તે વગર જામીન પર છોડવી એ કસ્ટડી ઓફિસરે નક્કી કરવું જ પડે છે.

5.4 થ્રેશોલ્ડ ટેસ્ટમાં પુરાવાઓને ધ્યાનમાં લેવા માટેના બે ભાગ છે.

થ્રેશોલ્ડ ટેસ્ટનો પહેલો ભાગ - શું વાજબી શંકા છે?

5.5 પ્રોસિક્યુશનને એ વાતનો સંતોષ થવો જ જોઈએ કે જે વ્યક્તિ પર ગુનાનો ચાર્જ મૂકવામાં આવવાનો છે તેણે તે ગુનો કર્યો હોવાની વાજબી શંકા છે.

5.6 આનો નિર્ધાર કરવામાં, પ્રોસિક્યુટરોએ તે વખતે ઉપલબ્ધ હોય તે પુરાવાઓને ધ્યાનમાં લેવા જ જોઈએ. આમાં સાક્ષીનાં બયાનો, વસ્તુઓ તેમજ અન્ય માહિતીનો સમાવેશ થઈ શકે, એ શરતે કે પ્રોસિક્યુટરને નીચેની બાબતોનો સંતોષ થવો જોઈએ,:

a) તે લાગતાવળગતા છે; અને

b) તે કોર્ટમાં રજૂઆત કરવા માટે દાખલ કરી શકાય તેવા સ્વરૂપમાં મૂકી શકાય તેમ છે; અને

c) કેસમાં તેનો ઉપયોગ કરવામાં આવશે.

5.7 જો આ બાબતનો સંતોષ થઈ જાય તો પ્રોસિક્યુટરે તે પછી થ્રેશોલ્ડ ટેસ્ટના બીજા ભાગનો વિચાર કરવો જોઈએ.

થ્રેશોલ્ડ ટેસ્ટનો બીજો ભાગ - ગુનો સાબિત કરી શકાય તે માટેની વાસ્તવિક સંભાવનાઓ માટે શું બીજા પુરાવાઓ એકઠા કરી શકાય તેમ છે?

5.8 પ્રોસિક્યુટરોને એ વાતનો સંતોષ થવો જ જોઈએ કે એવું માનવા માટેનાં વાજબી કારણો છે કે તપાસ ચાલુ રાખવાથી વાજબી સમયની અંદર બીજા પુરાવાઓ મળી જશે, જેથી કરીને તમામ પુરાવાઓ ભેગા કરીને ફૂલ કોડ ટેસ્ટ અનુસાર ગુનો સાબિત કરવાની વાસ્તવિક સંભાવના સ્થાપિત કરી શકાશે.

5.9 બીજા વધારે પુરાવાઓ ઓળખી શકાય તેવા હોવા જોઈએ, માત્ર અનુમાન આધારિત નહિ.

5.10 આ નિર્ણય પર પહોંચતી વખતે પ્રોસિક્યુટરોએ નીચેની બાબતોને ધ્યાનમાં લેવી જ જોઈએ:

a) કોઈ પણ સંભવિત બીજા પુરાવાઓનો પ્રકાર, વિસ્તાર અને તે દાખલ કરી શકાય તેવા છે કે નહિ અને કેસ પર તેની શું અસરો પડશે;

b) ચાર્જીસને ટેકો આપે તેવા તમામ પુરાવાઓ;

c) તે પુરાવા અત્યારે શા માટે મળી શકે તેમ નથી તેનાં કારણો;

d) બીજા પુરાવાઓ મેળવવામાં કેટલો સમય જોઈશે અને તેના પરિણામે જે મોડું થાય તે તમામ સંજોગોમાં વાજબી રહેશે કે નહિ.

5.11 જો થ્રેશોલ્ડ ટેસ્ટના બંને ભાગો સંતુષ્ટ થઈ જાય, તો પ્રોસિક્યુટરોએ તેમની પાસે તે સમયે જે માહિતી ઉપલબ્ધ હોય તેના આધારે ફૂલ કોડ ટેસ્ટનો જાહેર હિતનો તબક્કો લાગુ પાડવો જ જોઈએ.

થ્રેશોલ્ડ ટેસ્ટની પુનઃવિચારણા કરવી

5.12 થ્રેશોલ્ડ ટેસ્ટ હેઠળ ચાર્જ લગાવવાના નિર્ણયને સમીક્ષા હેઠળ રાખવો જ જોઈએ. પુરાવાઓની નિયમિત રીતે આકારણી કરવી જ જોઈએ જેથી મૂકવામાં આવેલ ચાર્જ યોગ્ય છે અને જામીનની શરતો સામે વાંધો ચાલુ રાખવાનું વાજબી હોવાની ખાતરી કરી શકાય. વાજબી રીતે જેવું વ્યવહારૂ થાય એટલે તરત જ અને કોઈ પણ સંજોગોમાં લાગુ પડતી કસ્ટડીની સમયમર્યાદા પૂરી થઈ જાય તે પહેલાં ફૂલ કોડ ટેસ્ટ લાગુ પાડવો જ જોઈએ.

ચાર્જીસની પસંદગી

6.1 પ્રોસિક્યુટરોએ એવા ચાર્જીસ પસંદ કરવા જોઈએ જેમાંઃ

a) ગુનો કરવાની ગંભીરતા અને તેના પ્રમાણનું પ્રતિબિંબ પડતું હોય અને તેને પુરાવાઓનો ટેકો મળતો હોય;
b) સજા ફરમાવવાની અને ગુનો સાબિત થયા પછીના યોગ્ય હુકમો કરવાની પૂરતી સત્તા કોર્ટને આપવામાં આવતી હોય; અને
c) સ્પષ્ટ અને સરળ રીતે કેસ રજૂ કરી શકાય તેમ હોય.

6.2 એટલે કે જ્યાં પસંદગી કરી શકાય તેમ હોય ત્યાં પ્રોસિક્યુટરો હંમેશાં સૌથી વધુમાં વધુ ગંભીર ચાર્જીસ ન પણ પસંદ કરે કે તે ચાલુ ન પણ રાખે.

6.3 પ્રોસિક્યુટરોએ જરૂરી હોય તેના કરતાં વધારે ચાર્જીસ ન જ મૂકવા જોઈએ જેથી તેમાંથી માત્ર અમુક ચાર્જીસ માટે પ્રતિવાદી પોતાનો ગુનો કબૂલી લેવા માટે પ્રોત્સાહિત થાય. તેવી જ રીતે, તેમણે ક્યારેય વધારે ગંભીર ચાર્જીસ મૂકવા માટે આગળ ન જ વધવું જોઈએ કે જેથી કરીને પ્રતિવાદી ઓછા ગંભીર ચાર્જીસ પર પોતાનો ગુનો કબૂલી લેવા તૈયાર થવા માટે પ્રેરાય.

6.4 કેસની સુનાવણી ક્યાં કરવામાં આવશે તે વિશે કોર્ટ અથવા પ્રતિવાદી દ્વારા જે નિર્ણય લેવામાં આવે માત્ર તેના જ કારણે પ્રોસિક્યુટરોએ ચાર્જ બદલવા ન જોઈએ.

6.5 ચાર્જ મૂકવામાં આવ્યા પછી કેસ જેમ આગળ વધે તેમ તેના સંજોગોમાં થયેલા લાગતાવળગતા કોઈ પણ ફેરફારોને પ્રોસિક્યુટરોએ ધ્યાનમાં લેવા જ જોઈએ.

કોર્ટ બહાર કેસનો નિકાલ લાવવો

7.1 ગુનેગાર અને/અથવા કરવામાં આવેલ ગુનાની ગંભીરતા તેમજ તેનાં પરિણામો અનુસાર યોગ્ય પ્રતિસાદ જણાય તો તે માટે કોર્ટમાં પ્રોસિક્યુશન કરવાને બદલે કોર્ટની બહાર કેસનો નિકાલ (આઉટ ઓફ કોર્ટ ડિસ્પોઝલ) કરવામાં આવી શકે.

7.2 જ્યારે કોઈ સરળ ચેતવણી, શરતી ચેતવણી, યોગ્ય પ્રકારની નિયંત્રિત કાર્યવાહી, શિક્ષારૂપે અથવા દીવાની દંડ, કે પછી અન્ય રીતે નિકાલ લાવવા વિશે સલાહ આપવા અથવા તે માટે અધિકૃત મંજૂરી આપવા માટે પ્રોસિક્યુશનને કહેવામાં આવે ત્યારે તેમણે તે માટે લાગતીવળગતી માર્ગદર્શિકાનું પાલન કરવું જ જોઈએ. કોર્ટ બહાર કેસનો નિકાલ લાવવા માટે, જ્યાં જરૂર હોય ત્યાં દોષની સ્પષ્ટ કબૂલાત કરવા સહિતના યોગ્ય પુરાવા માટેના ખાસ ધોરણો પૂરાં કરવામાં આવે છે, તેમજ આ રીતે નિકાલ લાવવાથી જાહેર હિતની યોગ્ય રીતે સેવા કરી શકાશે તેની તેમણે ખાતરી કરવી જ જોઈએ.

ટ્રાયલનો પ્રકાર

8.1 પ્રતિવાદી ઉપર ક્યાં ટ્રાયલ (ખટલો) ચલાવવામાં આવવો જોઈએ તે વિશે મેજિસ્ટ્રેટ કોર્ટમાં દાખલો કરતી વખતે સજા આપવા વિશેની અને ફાળવણી ઉપરની હાલની માર્ગદર્શિકાઓને પ્રોસિક્યુટરોએ ખાસ ધ્યાનમાં રાખવી જ જોઈએ.

8.2 કેસને મેજિસ્ટ્રેટની કોર્ટમાં રાખી મૂકવા પાછળ કેસ ચલાવવાની ઝડપ જ એકમાત્ર કારણ ન જ હોવું જોઈએ. પરંતુ જો કેસ ક્રાઉન કોર્ટમાં મોકલવામાં આવે તો તેમાં મોડું થવાની કેટલી સંભાવના છે તેની અસરનો; અને જો કેસમાં મોડું થાય તો તેની ગુનાનો ભોગ બનેલ કોઈ વ્યક્તિ અથવા સાક્ષી પર કેવી અસરો પડી શકે તેનો પણ પ્રોસિક્યુટરોએ વિચાર કરવો જોઈએ.

યુવાનોને સંડોવતા કેસોમાં ટ્રાયલ માટેનું સ્થળ

8.3 પ્રોસિક્યુટરોએ એ વાત ખ્યાલમાં રાખવી જ જોઈએ કે જ્યારે પણ શક્ય હોય ત્યારે યુવાનો પર યૂથ કોર્ટમાં ટ્રાયલ કરવો જોઈએ. તેમની ખાસ જરૂરતો પૂરી કરી શકે તેવી રીતે તે કોર્ટ્સ બનાવવામાં આવેલી હોય છે. કોઈ યુવાન પર ક્રાઉન કોર્ટમાં એવો જ ટ્રાયલ કરવામાં આવવો જોઈએ જે અત્યંત ગંભીર કેસ માટે હોય અથવા તો જ્યાં ન્યાયના હિતમાં તે યુવાન વ્યક્તિ પર કોઈ પુખ્ત વયની વ્યક્તિની સાથે સંયુક્તપણે ટ્રાયલ કરવો પડે તેમ હોય.

દોષી હોવાની કબૂલાતો સ્વીકારવી

9.1 પ્રતિવાદીઓ બધા નહિ પરંતુ અમુક ચાર્જીસ માટે પોતાના દોષની કબૂલાત કરવા ઈચ્છે એવું બને. અથવા, તેઓ કદાચ ગુનાના અમુક જ ભાગ માટે પોતાની કબૂલાત કરી રહ્યાં હોવાને કારણે, કોઈ જુદા, સંભવતઃ ઓછા ગંભીર ચાર્જ માટે પોતાનો ગુનો કબૂલ કરે એવું બને.

9.2 પ્રોસિક્યુટરોએ પ્રતિવાદની પોતાના દોષની તે કબૂલાત તો જ સ્વીકારવી જોઈએ જો તેમને લાગે કે તે ગુનાની ગંભીરતા મુજબ યોગ્ય સજા કોર્ટ તેમને આપી શકે તેમ છે, ખાસ કરીને તેમાં કોઈ ઉશ્કેરાત્મક લક્ષણો સામેલ હોય. પ્રોસિક્યુટરોએ માત્ર અનુકૂળતાને કારણે જ દોષની કબૂલતા ક્યારેય ન જ સ્વીકારવી જોઈએ.

9.3 કરવામાં આવેલી કબૂલાતો સ્વીકાર્ય છે કે નહિ તેનો વિચાર કરતી વખતે, પ્રોસિક્યુટરોએ એ વાતની ખાતરી કરવી જોઈએ કે તે કબૂલાત સ્વીકારવાનું જાહેર હિતમાં રહેશે કે નહિ તેનો નિર્ણય કરતી વેળાએ ગુનાનો ભોગ બનેલ વ્યક્તિના હિતને અને જ્યાં શક્ય હોય ત્યાં તેમનાં મંતવ્યોને, અને જ્યાં યોગ્ય હોય તેવા કેસોમાં ભોગ બનેલ વ્યક્તિનાં કુટુંબીજનોનાં મંતવ્યોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યાં હોય. પરંતુ, આ નિર્ણય છેવટે પ્રોસિક્યુટર પર રહે છે.

9.4 કોઈ પણ પ્રકારની કબૂલાત કયા આધાર પર કરવામાં અને સ્વીકારવામાં આવી છે તે કોર્ટ સમક્ષ સ્પષ્ટ કરવામાં આવવું જ જોઈએ. જે કેસોમાં પ્રતિવાદી ચાર્જીસ ઉપર પોતાના ગુનાની કબૂલતા કરે, પરંતુ તે પ્રોસિક્યુશનના કેસ કરતાં જુદી હકીકતોના આધાર પર કરેલ હોય, અને જ્યાં તેના લીધે સજા પર ઘણી મોટી અસર પડી શકે તેમ હોય, કોર્ટને પુરાવાઓ સાંભળવા અને ત્યાં શું બન્યું હતું તેનો નિર્ધાર કરવા માટે આમંત્રિત કરવામાં આવવી જોઈએ અને તે પછી તેના આધારે સજા કરવામાં આવવી જોઈએ.

9.5 જ્યાં પ્રતિવાદીએ અગાઉ જણાવેલું હોય કે સજા સંભળાવતી વખતે તેઓ કોર્ટને એક ગુનો ધ્યાનમાં લેવાનું કહેશે, પરંતુ તે પછી તેઓ કોર્ટમાં તે ગુનાની કબૂલતા કરવાનો ઈનકાર કરી દે, ત્યાં પ્રોસિક્યુટરો નક્કી કરશે કે તે ગુના માટે પ્રોસિક્યુશન કરવાની જરૂર છે કે નહિ. પ્રોસિક્યુટરોએ પ્રતિવાદીના એડવોકેટને અને કોર્ટને સમજાવવું જોઈએ કે તે ગુના માટે કરવામાં આવેલ પ્રોસિક્યુશન ઉપર પોલીસ સાથે અથવા જ્યાં શક્ય હશે ત્યાં બીજા તપાસ અધિકારીઓ સાથેની મંત્રણા બાદ કદાચ ફરીથી વિચારણા કરવામાં આવી શકે.

9.6 એવી કબૂલાતો ઉપર વિચારણા કરવામાં ખાસ ધ્યાન રાખવું જોઈએ કે જેના કારણે પ્રતિવાદી ઓછામાં ઓછી ફરજિયાત સજા પોતાના પર લાગુ પાડવામાંથી બચી જાય તેમ હોય. જ્યારે કબૂલાત કરવાનું કહેવામાં આવે ત્યારે પ્રોસિક્યુટરોએ એ હકીકત ધ્યાનમાં રાખવી જ જોઈએ કે અમુક ગુનાઓ માટે ગૌણ ઓર્ડરો કરી શકાય છે, પરંતુ બીજા ગુનાઓ માટે નહિ.

પ્રોસિક્યુશનના નિર્ણય પર ફેરવિચારણા કરવી

10.1 સી.પી.એસ. દ્વારા લેવામાં આવતા નિર્ણયો પર લોકો ભરોસો રાખી શકે તેમ હોવાં જોઈએ. સામાન્ય રીતે, જો સી.પી.એસ. કોઈ શકમંદને કે પ્રતિવાદીને કહે કે કેસમાં પ્રોસિક્યુશન નહિ કરવામાં આવે, અથવા તો પ્રોસિક્યુશન બંધ કરી દેવામાં આવેલ છે, તો તે કેસ ફરીથી શરૂ નહિ થાય. પરંતુ કેટલીકવાર એવાં કારણો હોય છે જેના લીધે સી.પી.એસ. પ્રોસિક્યુટ નહિ કરવાનો અથવા તો કોર્ટ બહાર કેસનો નિકાલ લાવવાનો નિર્ણય બદલે અથવા તો ખાસ કરીને જો કેસ ગંભીર હોય તો પ્રોસિક્યુશન ફરીથી શરૂ કરે.

10.2 આ કારણોમાં નીચેનાંનો સમાવેશ થાય છેઃ

a) જ્યારે અસલ નિર્ણય ઉપર નવેસરથી વિચારણા કરવામાં આવે ત્યારે તે અસલ નિર્ણય ખોટો હોવાનું દેખાય, અને ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમમાં વિશ્વાસ જાળવી રાખવા માટે, અગાઉ લેવામાં આવેલ નિર્ણય છતાંયે પ્રોસિક્યુશન કરવું જોઈએ એવું જણાય;

b) કેસો બંધ કરી દેવામાં આવ્યા હોય, જેથી વધારે પુરાવાઓ, જે ઘણા નિકટના ભવિષ્યમાં મેળવી શકાય તેમ હોય તે એકઠા કરીને તૈયાર કરી શકાય. આવા કેસોમાં, પ્રોસિક્યુટર પ્રતિવાદીને કહેશે કે પ્રોસિક્યુશન ફરીથી શરૂ થાય એવું બની શકે;

c) પુરાવાના અભાવને કારણે બંધ થઈ ગયા હોય એવા કેસો પરંતુ જ્યાં બાદમાં વધારે મહત્ત્વના પુરાવાઓ હાથ લાગ્યા હોય; અને

d) જે કેસોમાં કોઈનું મૃત્યુ થયું હોય જેમાં મોતનાં કારણો જાણવા મળ્યા બાદ કરવામાં આવેલ સમીક્ષામાં એવું તારણ નીકળે કે પ્રોસિક્યુશન કરવામાં આવવું જોઈએ, તેમાં પ્રોસિક્યુટ નહિ કરવાનો અગાઉ નિર્ણય લેવામાં આવ્યો હોવા છતાં.

આ દસ્તાવેજ અમારી આ વેબસાઈટ પરથી ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં મળી શકે છેઃ www.cps.gov.uk

ક્રાઉન પ્રોસિક્યુટરો માટેની આચારસંહિતા (કોડ)ની વધારે નકલો તેમજ તેને બીજી ભાષાઓ અને સ્વરૂપોમાં મેળવવા વિશેની માહિતી સી.પી.એસ. પાસેથી મેળવી શકાશે.

કૃપા કરીને સંપર્ક કરો publicity.branch@cps.gsi.gov.uk અથવા પોસ્ટ મારફતે નીચેના સરનામેઃ

CPS Communication Division
Rose Court
2 Southwark Bridge
London, SE1 9HS

The Code for Crown Prosecutors
7th Edition, January 2013
© Crown Copyright